सत्यमेव जयते

# નમો યોજના પોર્ટલ

## નમો લક્ષ્મી અને નમો સરસ્વતી યોજના સ્ટુડન્ટ રજિસ્ટ્રેશન ગાઈડલાઈન્સ

**સ્કૂલ લોગિન માર્ગદર્શિકા**

કમિશનર, શાળાઓની કચેરી, ગુજરાત રાજ્ય

# નમો યોજના પોર્ટલ

વર્ષ ૨૦૨૬-૨૭ થી નમો લક્ષ્મી અને નમો સરસ્વતીનું સ્ટુડન્ટ રજિસ્ટ્રેશન એક જ નવા નમો યોજના પોર્ટલ પર આવી ગયું છે — બંને યોજનાનું રજિસ્ટ્રેશન હવે એક જ જગ્યાએ.

### એલિજિબલ સ્ટુડન્ટ

બધા એલિજિબલ સ્ટુડન્ટની વિગતો CTS માંથી ટ્રેક કરેલ છે.

### એક જ જગ્યાએ અરજી

બંને યોજના માટે એક જ જગ્યાએ સહેલાઈથી અરજી ભરી શકાય, સબમિટ કરી શકાય.

### લાઈવ ડેશબોર્ડ

ડેશબોર્ડ પર લાઈવ આંકડા અને સ્ટેટસ કોઈ પણ સમયે જોઈ શકાય.

### એન્ડ-ટુ-એન્ડ ટ્રેકિંગ

દરેક અરજીનું સ્ટેટસ છેક સુધી ટ્રેક કરી શકાય છે.

### ડેટા ડાઉનલોડ

સ્ટુડન્ટનો ડેટા ગમે ત્યારે ડાઉનલોડ કરી શકાય છે.

# પોર્ટલ પ્રક્રિયા — મહત્વની તારીખો અને સમયરેખા

| | |
|---|---|
| જુલાઈ | પોર્ટલમાં ડેટા એન્ટ્રી (વિદ્યાર્થીઓનું રજિસ્ટ્રેશન) શરૂ થવાની તારીખ. |
| ૩૧ ઓગસ્ટ | પોર્ટલમાં ડેટા એન્ટ્રી પૂર્ણ કરવાની અંતિમ તારીખ. |
| જુલાઈ - માર્ચ | ONLINE ATTENDANCE SYSTEM માં દર માસની હાજરી નોંધણી અને તેના આધારે માસિક હપ્તાની ચુકવણી. |
| બેઠક નંબર પ્રસિદ્ધ થયે | ધોરણ ૧૦ / ૧૨ ની બોર્ડ પરીક્ષાના બેઠક નંબર (SID) ની પોર્ટલમાં શાળા દ્વારા એન્ટ્રી કરવી. |
| પરિણામ જાહેર થયા બાદ | બોર્ડ પરીક્ષા પાસ કરેલ વિદ્યાર્થીઓને અંતિમ પ્રોત્સાહનની રકમ ચૂકવવામાં આવશે. |

# હાજરી આધારિત મંજૂરી અને DEO વેરિફિકેશન પ્રક્રિયા

**80%+** **Auto-Approve**

ONLINE ATTENDANCE SYSTEM માં માસિક હાજરી 80% કે તેથી વધુ હોય તો વિદ્યાર્થી તે માસના હપ્તા માટે Auto-Approve ગણાશે.

**<80%** **Auto-Reject**

માસિક હાજરી 80% થી ઓછી હોય તો વિદ્યાર્થી Auto-Reject ગણાશે. પાછળથી હાજરીમાં કોઈ મેન્યુઅલ સુધારો થઈ શકશે નહીં.

**Verify** **DEO વેરિફિકેશન**

DEO કચેરી દ્વારા નિયુક્ત વેરિફાયર પોતાના લોગિનમાં આવેલ વિદ્યાર્થીઓની વિગતો ચીવટપૂર્વક ચકાસી Approve કરશે.

**Query** **ક્વેરી અને રિસબમિટ**

વિગતોમાં ભૂલ/વિસંગતતા જણાય તો વેરિફાયર ફોર્મ ક્વેરી કરી શિક્ષકના લોગિનમાં પરત મોકલશે; શિક્ષકે સુધારો કરી ફરી સબમિટ કરવાનું રહેશે.

STEP

# 01 / 26

## પોર્ટલ લિંક / QR કોડ

પોર્ટલ પર જવા માટે namopayments.gujaratvsk.org સર્ચ કરો, અથવા આપેલ QR કોડ સ્કેન કરો.


લિંક:
https://namopayments.gujaratvsk.org/

STEP

# 02 / 26

## પોર્ટલ ખોલો

લિંક પર ક્લિક કરીને અથવા QR કોડ સ્કેન કરીને પોર્ટલ ખોલો.




STEP

# 03 / 26

## સ્કૂલ લોગિન

રોલમાં “સ્કૂલ” સિલેક્ટ કરો, ત્યારબાદ સ્કૂલ કોડ અને એ જ પાસવર્ડ નાખો. CTS સિસ્ટમનો આઈડી પાસવર્ડ જ અહી લોગીન કરવા યુઝ કરવાનો રહેશે. ત્યારબાદ લોગિન બટન પર ક્લિક કરો.




STEP

# 04 / 26

## સ્કૂલ ડેશબોર્ડ

હોમ ડેશબોર્ડ પર સ્કૂલની બધી માહિતી જોવા મળશે — પ્રોફાઈલ, લોકેશન, એકેડમિક્સ, મેનેજમેન્ટ અને પ્રિન્સિપાલની વિગતો.




STEP

# 05 / 26

## યોજના પસંદ કરો

જમણી બાજુના મેનૂમાંથી યોજના સિલેક્ટ કરો.




STEP

# 06 / 26

## યોજના ડેશબોર્ડ

યોજનાના પેજ પર એ યોજના સંબંધિત બધી વિગતો અને આંકડા દેખાશે.




STEP

# 07 / 26

## ડેટા અને ડાઉનલોડ

આપ ગમે તે સમયે શાળા લોગીનમાંથી લાઇવ ડેટા જોઈ શકો છો. ડાઉનલોડ બટન પર ક્લિક કરી સ્ટુડન્ટની વિગતો ડાઉનલોડ કરી શકો છો.




STEP

# 08 / 26

## સ્ટુડન્ટ રજિસ્ટ્રેશન

ડેશબોર્ડની નીચે રજિસ્ટ્રેશનનો વિભાગ છે.




STEP

# 09 / 26

## સ્ટુડન્ટ રજિસ્ટ્રેશન

નવું રજિસ્ટ્રેશન કરવા માટે “Pending Register Student” બટન પર ક્લિક કરો.




STEP

# 10 / 26

## ટીચર અને ગ્રેડ પસંદ કરો

બાળકોનું રજીસ્ટ્રેશન કરવા સૌ પ્રથમ ટીચરનું નામ, ગ્રેડ(ધોરણ) અને સેક્શન(વર્ગ) પસંદ કરો.




STEP

# 11 / 26

## સ્ટુડન્ટ પસંદ કરો

ડ્રોપડાઉન મેનુમાંથી સ્ટુડન્ટનું નામ સિલેક્ટ કરો. બાકીની વિગતો CTS ડેટા પ્રમાણે આપોઆપ સિસ્ટમમાં આવી જશે.




STEP

# 12 / 26

## સ્કીમ ઓપ્શન

આપેલ ઓપ્શનમાંથી એક કારણ સિલેક્ટ કરો. (પ્રાઇવેટ શાળાના કિસ્સામાં જ ઓપ્શન આવશે, અન્યથા ફરજિયાત YES સિલેક્ટ થઈને આવશે.) પ્રાઇવેટ શાળામાં અભ્યાસ કરેલ અને આવકમર્યાદા લાગુ પડતા વિદ્યાર્થીના કિસ્સામાં જ આ ઓપ્શન આવશે;




STEP

# 13 / 26

## ડિક્લેરેશન

જો “Yes” સિવાયનો ઓપ્શન પસંદ કરેલ હોય તો સંબંધિત કારણ સિલેક્ટ કરો અને ડિક્લેરેશન અપલોડ કરો( પ્રાઇવેટ શાળામાં અભ્યાસ કરેલ અને આવકમર્યાદા લાગુ પડતા વિદ્યાર્થીના કિસ્સામાં જ આ ઓપ્શન આવશે)




STEP

# 14 / 26

## ઈન્કમ પ્રૂફ

સ્ક્રીનશોટ મુજબના ઈન્કમ પ્રૂફ અપલોડ કરો. (પ્રાઇવેટ શાળામાં અભ્યાસ કરેલ અને આવકમર્યાદા લાગુ પડતા વિદ્યાર્થીના કિસ્સામાં જ આ ઓપ્શન આવશે; )




STEP

# 15 / 26

## ધોરણ-૧૦ ના બોર્ડની વિગત (ફક્ત નમો સરસ્વતી યોજના માટે)

ફક્ત નમો સરસ્વતી યોજનાના બાળકોના રજીસ્ટ્રેશન વખતે બોર્ડની વિગત, સીટ નંબર, કુલ અને મેળવેલ ગુણ દાખલ કરી માર્કશીટનો ફોટો અપલોડ કરવાનો રહેશે.




STEP

# 16 / 26

## સ્ટુડન્ટની અંગત વિગતો

સ્ટુડન્ટનો આધાર નંબર અને વાલીના મોબાઈલ નંબરની વિગતો દાખલ કરો અને આધાર કાર્ડનો ફ્રન્ટ-બેક ફોટો અપલોડ કરો. (વાલીનો મોબાઈલ નંબર વધુમાં વધુ 3 બાળકમાં દાખલ કરી શકાશે)




STEP

# 17 / 26

## માતાની વિગતો

માતાની વિગતો ઉપલબ્ધ છે કે નહીં તે પસંદ કરો.



STEP

# 18 / 26

## માતાની વિગતો

જો વિગત ઉપલબ્ધ ન હોય તો ચોક્કસ કારણ સિલેક્ટ કરો.




STEP

# 19 / 26

## માતાની વિગતો

માતાની વિગત ઉપલબ્ધ હોય તો માતાનું આધાર નંબર અને આધાર કાર્ડ મુજબનું નામ દાખલ કરો અને આધાર કાર્ડનો ફ્રન્ટ-બેક ફોટો અપલોડ કરો.




STEP

# 20 / 26

## LC / જન્મ પ્રમાણપત્ર / રેશન કાર્ડ

માતાની વિગત ઉપલબ્ધ હોય તે કિસ્સામાં ઉપર મુજબના જરૂરી ડોક્યુમેન્ટ (LC/Birth Certificate/Ration Card) અપલોડ કરો. (માતાની વિગત ઉપલબ્ધ હોય તે કિસ્સામાં જ આ ઓપ્શન આવશે)




STEP

# 21 / 26

## કન્ફર્મ, રિસેટ, સેવ અને સબમિટ

બધી વિગતો ભર્યા પછી કન્ફર્મેશન પર ટિક કરી “સબમિટ” કરો. ફરીથી ભરવા “રિસેટ” અને માત્ર સાચવવા “Save Draft” વાપરો.




STEP

# 22 / 26

## પૂરાં થયેલાં રજિસ્ટ્રેશન

“Completed Registered Student” સેક્શનમાં સબમિટ કરેલાં ફોર્મ દેખાશે, જેને સ્ટેટસ પ્રમાણે ફિલ્ટર કરી શકાય છે.




STEP

# 23 / 26

## રજિસ્ટર્ડ સ્ટુડન્ટ પસંદ કરો

લિસ્ટમાંથી સ્ટુડન્ટ સિલેક્ટ કરી અને તેનું સ્ટેટસ જોઈ શકશો.




STEP

# 24 / 26

## સબમિટ કરેલી અરજી

સબમિટ કરેલી વિગતો અહીં દેખાશે, પણ તેમાં ફેરફાર થઈ શકશે નહીં.




STEP

# 25 / 26

## સબમિટ કરેલી અરજી

સબમિટ કરેલા ડોક્યુમેન્ટ જોવા માટે વ્યૂ બટન પર ક્લિક કરો.




STEP

# 26 / 26

## સર્ચ સ્ટુડન્ટ

જો કોઈ સ્ટુડન્ટ એલિજિબલ લિસ્ટમાં ન દેખાય તો સર્ચ સ્ટુડન્ટ સેક્શનમાંથી CTS પ્રમાણે તેને શોધી શકાય છે.



# આભાર

કમિશનર, શાળાઓની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર